જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૨૮૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૪,૪૯,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨૮૪/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૭૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨૮૫/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## <u>બેગ ઝુટવી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨૮૬/૨૦૨૨</u>

**નવરંગપુરાઃ** કુમારપાળ ભોગીલાલ શાહ (ઉ.વ.૫૭) (રહે. જીવન સ્મૃતિ સોસાયટી મીરા અંબીકા રોડ નારણપુરા) તા.૧૮/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે રૂપિયા ૪૨,૦૦,૦૦૦/- ભરેલ બેગ એક્સેસ ટુ વ્હીલરના આગળના ભાગે મુકી એક્સેસ ચલાવી નવરંગપુરા સી.જી.રોડ બોડી લાઇન ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એક્સેસ આગળ પૈસા મુકેલ બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુમારપાળ શાહે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** ભાવિનભાઇ જીતેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૪૪) (રહે. દેવ સ્ટેટસ બોડીલાઇન હોસ્પિટલની બાજુમાં વિકાસગૃહ રોડ પાલડી) તા.૧૮/૦૭/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે આંબાવાડી હીરાબાગ ક્રોસીંગની બાજુમાં વાલ્મીકી સોસાયટીના ખાંચા નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ચાલકે એકટીવા કાર સાથે અથડાવી, કાર આગળ લાવી, કાર ઉભી રખાવી બોલાચાલી કરી એક્ટીવા ચાલક તેમજ એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો ભાવિનભાઈ શાહની કારમાંથી લેપટોપ બેગ લઈ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ ભાવિનભાઇ શાહે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

## <u>પાંચમાં માળથી પડી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨૮૭/૨૦૨૨</u>

**નિકોલઃ** કઠવાડા ગામ રોડ કઠવાડા શ્રીજી રેસીડેન્સીની નવી બનતી સાઇટ ઉપર કામ કરતા લક્ષ્મીબહેન ડો/ઓ મથુરભાઇ ભુરીયા (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ-કાલીયાવાડ ભુરીયા શેરી તા.જી.દાહોદ) તા.૧૮/૦૭/૨૦૨૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાઈટના પાંચમાં માળે કામ કરતા હતા ત્યારે પાંચમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**ઉંધા માથે પાણીની ડોલમાં પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૮/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સિટીઃ** અદાણી સીએનજી પેટ્રોલ પંપ પાછળ સિમા સૌરભ ગાર્ડન પાસે એઈસી ગ્રાઉન્ડના છાપરાં ખાતે રહેતા રમેશભાઈ સ/ઓ વિકાસ રાય (મુળ વતનઃ કલ્યાણ ગામઃ અપહરેલ જી-કરીહાર થાના-બલરામપુર અઝરેલ બિહાર) નાઓનો દોઢ વર્ષનો પુત્ર આયુષ તા.૧૮/૦૭/૨૦૨૨ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા ઉંધા માથે પાણીની ડોલમાં પડી જવાથી ડોલનુ પાણી પી જતા સારવાર માટે કાયઝન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** રૂબીબહેન મુનેશભાઇ યાદવ (ઉ.વ.૩૮) (રહે. રૂખીબાનગર સોસાયટી સમુન્દ રેસીડન્સી સામે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**વેજલપુરઃ** મોહમદસાદીક મોહમદકમર શેખ (ઉ.વ.૪૬) (રહે. ફેમીપાર્ક ગોલ્ડનપાર્કની બાજુમાં ઉસ્માની મસ્જીદ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં સીડી સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**રામોલઃ** નિલેશ ઉર્ફે લાલો કનૈયાલાલ કડીવાલ (ઉ.વ.૨૮) (રહે. હરીહરપાર્ક સોસાયટી કુલવાડી સોસાયટી સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળદેવસિંહ બાલુસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી